R.N.I. No. : GUJGUJ/2000/447- Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા .

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ : http:// jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?(હા)- (ના) (સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)

If undelivered pl. return to:
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી, અમદાવાદ-૭

YEAR-27 • ISSUE: 04 DATE: 27-01-2018• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

## કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કાર્ય જે તે રાજ્યોનું છે કોર્ટનું કાર્ય બંધારણનું રક્ષણ કરવાનું છે : સુપ્રીમ કોર્ટ



વિવાદાસ્પદ ફિલ્મ પદ્માવત સામેની વધુ એક અરજી સુપ્રીમ કોર્ટે ફગાવતાં કહ્યુ હતું કે કોર્ટનું કામ બંધારણીય કોર્ટ તરીકે કામ કરવાનું છે.જે તેણે આ ફિલ્મ પરથી પ્રતિબંધ હટાવીને કર્યુ છે.કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવાની ફરજ જે તે રાજ્યોની છે.રાજ્ય સરકારોએ તેમના રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવાની છે. કોર્ટનું તે કામ નથી.પદ્માવત પરથી પ્રતિબંધ ઉઠાવી લીધા બાદ બીજી અરજી દાખલ કરવામાં આવી હતી તેનો જવાબ આપતાં કોર્ટે આ કહ્યુ હતું.અરજદાર વકીલ મનોહરલાલ શર્માએ કહ્યુ હતું કે સેન્સર બોર્ડે ફિલ્મને મંજુરી આપી તે ગેરકાયદેસર છે. અને આ ફિલ્મ રીલીઝ થશે તો કાયદો અને વ્યવસ્થાની સમસ્યા સર્જાશે. આ દલીલ સામે ચીફ જસ્ટીસ દિપક મિશ્રાએ કહ્યુ હતું કે સોરી બેન્ચે કહ્યુ કે ફિલ્મની રીલીઝ વખતે કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કામ રાજ્યોનું છે.તે કામ કોર્ટનું નથી.સરકારોએ હિંસાના ભયનું કારણ આપીને પ્રતિબંધ ન મુકી શકે.

## કાર સહિતના ફોર વ્હીલર પરના બમ્પર ગાર્ડ દુર કરવા આદેશ જારી

કાર સહિતના ફોર વ્હીલરમાં આગળના ભાગે લગાવાતાં કે ફીટ કરવામાં આવતાં લોખંડ કે સ્ટીલના બુલબાર-ક્રેશ ગાર્ડના ફિટમેન્ટને વાહન વ્યવહાર વિભાગે ગેરકાયદેસર જાહેર કર્યો છે.જેથી આવા વાહનો પર સાદી ભાષામાં જેને બમ્પર કહેવાય છે તેવા બુલબારને દુર કરવાનો આદેશ અપાયો છે. ઉપરાતં વાહન માલિકો સામે શિક્ષાત્મક પગલાં ભરવા માટે પણ આદેશ કર્યો છે.કેન્દ્ર સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય દ્વારા આપવામાં આવેલી સુચના બાદ રાજ્યના વાહન વ્યવહાર વિભાગે આ આદેશ જારી કર્યો હતો.તેમજ તમામ આરટીઓને આ બાબતે પગલાં લેવા આદેશ કર્યો છે.

કેન્દ્ર સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલય દ્વારા તમામ રાજ્યોને કાર સહિતના ફોર વ્હીલરમાં લગાવવામા આવતાં બમ્પર ગાર્ડનું ફીટમેન્ટ ગેરકાયદેસર જાહેર કર્યુ હતું.અને તેની સામે કાર્યવાહી કરવાની સુચના આપી હતી.વાહનો પર બમ્પર ફીટ કરવાનો કારણે રાહદારીઓ,સાઈકલસવારો,બાઈકસવારોને નુકસાન થવાનું જોખમ છે. ઉપરાતં એક અભ્યાસ પ્રમાણે આ બમ્પરથી કારના એરબેગના સેન્સર પણયોગ્ય રીતે કામ કરતાં થી. આથી વાહનો પરના આવા ક્રેસ ગાર્ડ દુર કરાવવા સુચના આપવામાં આવે છે.એમ.વી એકટ ૧૯૮૮ની કલમ ૧૯૦ અને ૧૯૧ મુજ શિક્ષાત્મક પગલાં લેવા માટે પણ સુચના આપવામાં આવી છે.

## ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે નિમણુંક

ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ભારતના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે મધ્યપ્રદેશના રાજયપાલ તરીકે નિમણુંક કરી છે.ગુજરાતના પુર્વ અને પહેલા મહિલા મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલ ગુજરાતના અન્ય રાજ્યપાલ તરીકે નિમાયેલા વ્યક્તિઓ પૈકીના બીજા નંબરના વ્યક્તિ છે. આ પહેલા કર્ણાટકના રાજ્યપાલ તરીકે વજુભાઈ વાળાની નિમણુંક કરવામાં આવી હતી.૨૨ નવેમ્બર,૧૯૪૧માં મહેસાણા,વિજાપુર તાલુકાના ખરોડ ગામે જન્મેલા આનંદીબેન પટેલે એમએસસી અને એમએડ એમ ડબલ ગ્રેજ્યુએટની પદવીઓ હાંસલ કરેલી છે.૧૯૬૭માં અમદાવાદની મોહિનીબા કન્યા વિદ્યાલયમાં હાયર સેન્કડરીમાં વિજ્ઞાન અને ગણિતના શિક્ષક તરીકે કારકીર્દીની શરુઆત કરી હતી.૧૯૮૭માં તેઓ ભાજપ સાથે જોડાયા હતા. પછી આનંદીબેન પટેલે પક્ષમાં મહિલા મોરચાને સક્રિય રીતે આગળ વધારવાની જવાબદારી સ્વીકારી હતી. ભાજપમાં ૧૧૯૪માં સૌ પ્રથમ વખત રાજ્યસભાના સભ્ય બન્યા હતા.અને ૧૯૯૮માં રાજીનામું આપીને પહેલી વખત વિધાનસભાની ચુંટણી લડ્યા હતા. ત્યારબાદ છેક ૨૦૧૨ સુધી તેઓ વિધાનસભાના સભ્ય બન્યા અને શિક્ષણ,મહેસુલ,માર્ગમકાન,મહિલા અને બાળ કલ્યાણ સહિતના વિભાગોના કેબિનેટ મંત્રી રહ્યા હતા.તેમણે કેશુભાઈ પટેલ અને નરેન્દ્ર મોદીના મુખ્યપ્રધાન કાળમાં કેબિનેટ પ્રધાન તરીકેની કામગીરી કરી હતી.મે ૨૦૧૪માં તત્કાલિન મુખ્યપ્રધાન વડાપ્રધાન તરીકે શપથ લેતાં તેમને સહુ પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોપાંઈ હતી.

જો કે આનંદીબેન પટેલે ૨૦૧૭માં વિધાનસભાની ચુંટણી પુર્વે યુવા નેતૃત્વને બાગદૌર સોપવા માટે પક્ષમાં માર્ગ મોકળો કર્યો હતો.તેથી તેમણે આ પદ પરથી રાજીનામું આપ્યું હતું.તેમજ ૨૦૧૭માં યોજાનારા વિધાનસભાની ચુંટણીમાં ચુંટણી નહી લડવાની પણ જાહેરાત તે સમયે જ કરી હતી.તેમજ ચુંટણી પ્રચાર તંત્ર સંભાળ્યું હતું.જો કે મુખ્યમંત્રી તરીકે તેમણે આપેલ રાજીનામું બાદ એવી અટકળો વહેતી થઈ હતી કે તેમને મોવડીમંડળ



તરફથી મહત્વના પદ માટે ઓફર કરાશે.

આખરે તેમનો ભાજપની નેતાગીરીએ તેમના ત્યાગ માટે થઈને તેમને અગત્યની કામગીરી રુપ રાજયપાલનો દરજ્જો આપવામાં આવ્યો.તેઓએ મધ્યપ્રદેશના રાજયપાલ તરીકેની જવાબદારી હવે સંભાળી લીધી છે.શરુઆતમાં આવેલા સમાચારો મુજબ પ્રતિક્રિયા આપતાં તેમણે કહ્યુ હતું કે “મને કાંઈ ખબર નથી. મહેરબાની કરો”પરંતુ ત્યારબાદ આ જાહેરાત કરાઈ હતી.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ચીને દોકલામનો માલિકી હક્ક બતાવતાં ભારતને ખુલ્લી ધમકી આપી

ચીને ફરીએક વાર દોકલામ પોતાની માલિકીનો વિસ્તાર હોવાનું કહીને ભારતને ખુલ્લી ધમકી આપતાં કહ્યુ છે કે તેના દ્વારા આ વિસ્તારમાં થતાં કાર્યો એ વિસ્તારના લોકોના જીવનધોરણમાં સુધારો લાવવા માટેના છે.તેથી આ વિસ્તારમાં થતા નિર્માણના કાર્યો ઉચિત છે.હાલમાં આવેલા રિપોર્ટ પ્રમાણે ચીને આ દોકલામના ઉત્તરીય ક્ષેત્રમાં ૭ હેલિપેડ બનાવ્યા છે.સેટેલાઈટ તસવીરોમાં હથિયારોથી સજ્જ વાહનો પણ જોવા મળ્યા છે. ખાસ વાત એ છે કે દોકલામના જે વિસ્તારોમાં ગતિરોધ સર્જાયો હતો તેની નજીકમાં ચીને મોટા પાયે મીલીટરી કોમ્પલેક્ષ બનાવી રહ્યું છે.ચીને આ જ અહેવાલો અંગે પ્રતિક્રિયા આપી છે.સેટેલાઈટ તસવીરો અંગે પુછવામાં આવતાં ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લુ કાંગે કહ્યુ હતું કે મે આ અહેવાલો જોયા છે મને એ વાતનો ખ્યાલ નથી કે આવી તસવીરો કેવી રીતે મળી.

AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર ઉપલબ્ધ છે.
http:// jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુકhttp://facebook.com/robin.dholakia પર જોઈ શકાશે

# નવ ક્રાંતિ

પધ્માવત ફિલ્મ પર સુપ્રીમ કોર્ટે પ્રતિબંધ મુકવાનો સાફ ઈન્કાર કર્યા પછીની સ્થિતિ કંઈક અંશે વિચલિત કરનારી બની છે.સુપ્રીમ કોર્ટનો ચુકાદો આખરી છે કે કરણી સેનાની લાગણી અને માંગણી ગમે તે હોય પરંતુ ફિલ્મ પર પ્રતિબંધ મુકી શકાય નહીં. કારણ કે ભારતના બંધારણ,અનુસાર આ દેશના દરેક નાગરિકને,કલાકારને ફિલ્મ નિર્માતાને વાણી સ્વાતંત્ર્ય અને અભિવ્યક્તિની આઝાદી છે. કોઈપણચ કલાકાર કે ફિલ્મ નિર્માતા સર્જનાત્મકતાના ભાગરુપે નાટક-ચેટક કે ફિલ્મમાં કાલ્પનિક પાત્ર પ્રદર્શિત કરીને પોતાના વાણી સ્વાતંત્ર્યની અભિવ્યક્તિ કરી શકે છે.તદ્અનુસાર પધ્માવત ફિલ્મ પર પ્રતિબંધ મુકવાનું સુપ્રિમ કોર્ટને કોઈ ઉચિત લાગતું નથી.જો આ ફિલ્મ રજુ કરવામાં આવશે તો અમુક રાજ્યોમાં રાજપુત સમાજની લાગણી ઘવાય અને તેને કારણે તકલીફો ઉભી થાય તેમ છે છતાં તે બાબતને બંધાણીય યોગ્યતાને લક્ષમાં લેતા કોર્ટે પ્રતિબંધ આપવાનું મુનાસિબ માન્યું નથી. જો સેન્સર બોર્ડે આ ફિલ્મ પ્રદર્શિત કરવા માટેની મંજુરી આપી હોય તો પછી ફિલ્મના પ્રદર્શન પર રોક લગાવવાની કોઈજ સત્તા કે અધિકાર કોઈને નથી.કારણકે કેન્દ્ર સરકાર દ્વારા ફિલ્મ સેન્સર બોર્ડ નામની ઓથોરીટી રચાયેલી છે.

બંધારણે બક્ષેલા અધિકારો અને કેન્દ્ર સરકારની ઓથોરીટી વાળી સંસ્થાનું પ્રમાણપત્ર જો કોઈ વર્ગ સ્વીકારી ના શકે, તેમજ રાજ્ય સરકાર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહયોગી બનતી નજરે પડે તેનો શું અર્થ કાઢી શકાય.ગુજરાતમાં તાજેતરમાં આ ફિલ્મના વિવાદને કારણે જન જીવન અસ્તવ્યસ્ત કરી દેવાયું છે. કેટલાક નિર્દોષો લોકો દંડાઈ રહ્યા છે. તેમના વાહનો બાળી નાંખવામાં આવ્યા કે તોડી નાંખવામાં આવ્યા, એસટી નિગમની બસો સળગાવી દેવાઈ વિગેરે પોલીસ નિષ્ક્રિય બની જોઈ રહી છે. સરકાર દોષિતો સામે પગલાં લેવાશે તેવા હાકોટા પાડી રહી છે પરંતુ સ્થિતિ બગડતી રહી છે.તો શું સુપ્રીમ કોર્ટના નિર્ણય,બંધારણીય અધિકારો, રાજ્યની દરેક નાગરિકનું અને તેની પ્રોપર્ટીનું રક્ષણ કરવાની જવાબદારી બધાનું ધનોપનાત નિકળવા બેઠું છે.શું આ લોકશાહીનું માળખું તોડી નાંખવાની જ કવાયત શરુ કરવામાં આવી છે.માત્ર પોતાની પબ્લીસીટી કરવામાં જ વ્યસ્ત એવી રાજ્ય અને કેન્દ સરકારને દેશના નાગરિકો માટે કોઈ જવાબદારી અદા કરવાની જવાબદારી છે કે નહીં ?

ગુજરાત અને હિમાચલમાં ચુંટણીઓ ચાલતી હોવાથી આ ઈસ્યુને લટકાવી દેવામાં આવ્યો હતો પરંતુ તે બાદ આ પ્રશ્ન સળગવા લાગ્યો અને આખો મુદ્દો વિવાદાસ્પદ બની ગયો છે.મતપેટીઓને લક્ષમાં રાખીને સરકારે સુપ્રીમ કોર્ટ અને બંધારણને દેશના અરાજકતા પેદા કરનારા તત્વોને ત્યાં ગીરવી મુકી દીધુ છે.ફિલ્મ નિર્માતાઓ,થિયેટરના માલિકો અને સર્જકો ઉપર ભયનો ઓથાર છવાઈ ગયો છે. રાજકીય માફીયાઓ ચારેબાજુ પોતાની ધાક ઉભી કરવામાં સફળ બની ગયા છે. હવે એવું પણ બની શકે છે કે અભિવ્યક્તિની સ્વતંત્રતા સામે બદનક્ષીની ફરિયાદો કરીને મીડીયા ઉપર પણ પોતાની ધાક અને વર્ચસ્વ જમાવવાની કુટિલ નીતિ અખત્યાર થઈ રહી છે ત્યારે હવે દેશની જનતાને જાગવાનો મોકો છે.સુપ્રીમ કોર્ટના ચાર જજ્જો એ મોઘમમાં દેશની જનતાને અપીલ કરી છે કે હવે દેશની લોકશાહી અને બંધારણ બચાવવાની જવાબદારી તમારી છે.


**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


## આધાર નંબર માટે ફેસીયલ ઓથેન્ટીકેશનની સુવિધા ૧લી જુલાઇથી મળવાની જાહેરાત કરાઇ

યુનિક આઈડેન્ટીફિકેશન ઓથોરીટી ઓફ ઈન્ડીયાએ આધારા યુઝર્સ માટે ફેસિયલ એકોગ્નિશન આધારિત ઓથેન્ટીકેશનની વધારાની સુવિધાની જાહેરાત કરી છે.ફિંગર પ્રિન્ટ અથવા આઈરીસ સ્કેનીગ જેવા બાયોમેટ્રીક વેરીફિકેશનના અન્ય સ્વરુપોમાં સમસ્યા અનુભવતાં લોકો માટે આ વિશેષ સુવીધાની જાહેરાત કરાઇ છે. યુઆઈડીએઅઆઈ ૧લી જુલાઈ ૨૦૧૮ના રોજથી આ સુવિધાનો પ્રારંભ થશે.યુઆઈડીએઆઈના સીઈઓ અજયભુષણ પાંડેએ એક ટ્વિટમાં જણાવ્યુ હતું કે અમે ઓથેન્ટીકેશન માટે વધુ એક સીમાસ્તંભ સ્વરુપ ટેકનોલોજી દાખલ કરવા જઈ રહ્યા છે. જેમને ફિંગરપ્રિન્ટ અથવા આઈરીસ સ્કેનીંગમાં સમસ્યા નડે છે તેઓ આ સુવિધા દ્વારા ફેસીયલ ઓથેન્ટીકેશન કરાવી શકશે.

૧૨ આંકડાનો આધાર નંબર મેળવવા નોંધણી કરાવતી વખતે લેયાયેલ વ્યક્તિના ચહેરાની તસવીર પણ આધાર નંબર ધારકની ઓળખની ચકાસણી માટે વાપરી શકાશે.ફેસ ઓથેન્ટીકેશન એટલે કે ચહેરાની અધિકૃતતા ઓથેન્ટીકેશન યુઝર એજન્સીઓને વધારાના વિકલ્પો આપશે. જો કે આધાર નંબરની સફળ નોંધણી માટે ફેસ ઓથેન્ટીકેશનની સાથે ફિંગર પ્રિન્ટ,આઈરિસ સ્કેન અથવા ઓટીપી એમ ત્રણાંથી કોઈ એકનું સફળ ઓથેન્ટીકેશન ફરજીયાત છે.

## ભારત અને ઇઝરાયેલ વચ્ચે ૯ ક્ષેત્રમાં સહકાર માટે કરારો : ઇઝરાયેલી વડાપ્ર્ધાન બેન્જામીન નેતાન્યાહુની ગુજરાતની મુલાકાત

ભારતની મુલાકાતે આવેલ ઈઝરાયેલ વડાપ્રધાને નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય મંત્રણાઓ કર્યા બાદ ૯ જેટલા ક્ષેત્રોમાં સહકાર માટે કરારો કર્યા હતા.જે ક્ષેત્રમાં કરારો કરવામાં આવ્યા હતા તેમાં સાઈબર સિક્યોરીટી,પેટ્રોલીયમ,એર ટ્રાન્સપોર્ટ,હોમીયોપેથી સંશોધન,ફિલ્મ નિર્માણમાં સહકાર,સ્પેસ સાયંસ, બિઝનેસમાં મુડીરોકાણ,મેટલ એર બેટરીઝ અને સોલાર થર્મલ ટેકનોલોજી.

આ ઉપરાંત ઈઝરાયેલી વડાપ્રધાન ગુજરાતની મુલાકાતે આવ્યા હતા તેમજ ગાંધી આશ્રમ સહિતના કેટલાક સ્થળોની મુલાકાત લીધી હતી. ગુજરાતની મુલાકાતે વિદેશી મહેમાનો આવે છે તેનો જશ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફાળે જાય છે. તેમણે વિદેશી મહેમાનોને ગુજરાતની મુલાકાત લેવા આમંત્રિત કરીને ગુજરાતની શાન વધારી છે.

ઈઝરાયેલી વડાપ્રધાને જણાવ્યુ હતું કે વડાપ્રધાન મોદી ભારતમાં ક્રાંતિ લાવનારા ક્રાંતિકારી નેતા છે.તેઓ રાષ્ટ્રને ભવિષ્ય માટે તૈયાર કરી રહ્યા છે.તેમના પ્રયાસોથી ભારત મહત્વની સિધ્ધિઓ હાંસલ કરશે. ભારતની મહાન સંસ્કૃતિ,સહિષ્ણતા અને લોકશાહીનો પુરાવો છે.અન્ય દેશોની જેમ ભારતમાં યહુદીઓની સતાવણી કરાઈ નથી તે આનંદની વાત છે.

## હજયાત્રા માટે અપતી સબસીડીનો આ વર્ષથી અંત : લઘુમતી તુષ્ટિકરણ નાબુદ કરવાની દિશામાં મોટું પગલું

લઘુમતિ તુષ્ટિકરણ નાબુદ કરવાની દિશામાં એક મોટું પગલું ભરતાં કેન્દ્રની મોદી સરકારે હજયાત્રા માટે અપાતી સબસીડી પાછી ખેચી લેવાની જાહેરાત કરી હતી.આ મહત્વની જાહેરાત કરતાં લઘુમતી બાબતોના કેન્દ્રીય મંત્રી મુખ્તાર અબ્બાસ નકવીએ જણાવ્યુ હતું કે હજ સબસીડીમાં અપાતી રકમ હવે લઘુમતી સમુદાયની કન્યાઓ અને મહિલાઓના શિક્ષણ અને સશક્તિકરણ માટે વપરાશે.સબસીડી પાછી ખેચાઈ લેવાઈ હોવા છતાં આ વર્ષે વિક્રમજનક સંખ્યામાં ૧.૭૫લાખ મુસ્લીમ હજયાત્રા કરશે.

તેમણે જણાવ્યુ હતું કે સરકારનું આ પગલું ગૌરવ સાથે મુસ્લીમ સશક્તિકરણમાં મદદરુપ થશે.અમે તુષ્ટિકરણ વિનાના સશક્તિકરણમાં વિશ્વાસ રાખીએ છીએ. હજ સબસીડીથી મુસ્લીમોને કોઈ લાભ થતો નથી.અમે ગૌરવ સાથેના વિકાસમાં વિશ્વાસ ધરાવીએ છીએ.હવે હજ સબસીડીની રકમનો ઉપયોગ મુસ્લીમ કન્યાઓની કેળવણીમાં વપરાશે.

નકવીએ કહ્યુ હતું કે સાઉદી સરકાર દરિયાઈ જહાજ દ્વારા હજ માટે આવતા લોકોને પરવાનગી આપવા માટે સંમત થઈ છે.દરિયાઈ પ્રવાસ હવાઈ પ્રવાસ કરતાં ઘણો સસ્તો પડશે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


દરિયાઈ મુસાફરી માટે ઉપયોગમાં લેવાતા સૌથી વિશાળ જહાજ તરીકે ૧૯૩૮માં નિર્માણ પામેલું ક્વીન એલિઝાબેથ ક્રુઝ લાઈનર હતું.

૧૮૬૮માં બ્રિટીશ રેલરોડ સિગ્નલ એન્જીનીયર જે.પી.નાઈટે ટ્રાફિક સિગ્નલની શોધ કરી હતી.



**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

**જય ક્રિશ્ચિયન** મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯

# ગાંધીજીની ઝૂંપડી

## ઇવાન ઇલિચ

(મેક્સિકોના વિશ્વ પ્રસિદ્ધ વિચારક ઇવાન ઇલિચ જાન્યુઆરી ૧૯૭૮માં સેવાગ્રામ (વર્ધા)માં 'વિશ્વ નિર્ધન સમાજ માટે ટેકનીક' સંમેલનના ઉદ્‌ઘાટન માટે આવ્યા હતા. પોતાના પ્રવાસ દરમિયાન તેમણે પોતાનો મોટા ભાગનો સમય ગાંધીજીની ઝૂંપડીમાં વિતાવ્યો અને પોતાના ઉદ્‌ઘાટન ભાષણમાં અનોખી શૈલીમાં શાંતિ તત્ત્વનું વિવેચન કર્યુ. સં.)

મારા મિત્રો,

મહાત્મા ગાંધી જ્યાં રહેતા હતા એ ઝૂંપડીમાં હું આજ સવારથી છું. હું એમના વિચાર, દર્શન તથા સંદેશથી એક આત્મ-પ્રેરણા મેળવી રહ્યો છું. એની એક બાજુ આધ્યાત્મિક છે અને બીજી છે સાધનો-સગવડોનું મહત્ત્વ. આ ઝૂંપડીને બનાવવા પાછળ ગાંધીજીનો કયો દૃષ્ટિકોણ હતો એ સમજવાનો પ્રયત્ન કરી રહ્યો છું. એની સાદગી, સુંદરતા અને સ્વચ્છતા મને બેહદ પસંદ આવી છે. આ કુટી પ્રેમના સિદ્ધાંત અને સર્વસમભાવનો નિરંતર ઘોષ કરે છે. મને મેક્સિકોમાં જે મકાન આપવામાં આવ્યું છે, તે ઘણી રીતે આ ઝૂંપડી જેવું છે, એટલા માટે હું એના મૂળ ઉદ્દેશને સમજી શકું છું. આ ઝૂંપડીમાં સાત પ્રકારના ઓરડા છે. જ્યારે તમે દાખલ થાવ છો તો તમારાં પગરખાં ઉતારવાની એક જગા છે, જેથી તમે સ્વસ્થ ચિત્તે અંદર જઇ શકો.પછી વચમાં એક ઓરડો છે. જે એટલો મોટો છે કે એમાં એક મોટો પરિવાર રહી શકે. આજે સવારે ચાર વાગ્યે હું પ્રાર્થના માટે બેઠો તો મારી સાથે બીજા ચાર લોકો હતા, જે એક દીવાલને અડીને ઊભા હતા અને બીજી બાજુ પણ એક વિશાળ જગા હતી, જ્યાં લોકો પાસેપાસે બેસી શકે. ત્રીજો ઓરડો ગાંધીજી પોતે બેસતા અને કામ કરતા હતા, એ સિવાય બીજા બે ઓરડા હતા- એક મહેમાનો માટે અને બીજો દરદીઓ માટે. અહીં એક ખુલ્લો વરંડો અને શૌચ વગેરે માટે સ્નાનઘર પણ છે. ઝૂંપડીના આ બધા ઓરડા એક-બીજા સાથે સંકળાયેલા છે.

જ્યારે હું સીધો હિન્દુસ્તાનીઓની દૃષ્ટિએ વિચારું છું, તો મને લાગે છે કે કોઇ ધનવાન માણસ આ ઝૂંપડીમાં આવે, તો એની મજાક ઉડાવે. આ ઝૂંપડી કરતાં મોટા મકાનની કોઇને આવશ્યકતા હોય એવું મને લાગતું નથી. આ ઝૂંપડી વાંસ અને માટીના ગારાથી બની છે, એનું નિર્માણ લોકોના હાથે થયું છે, મશીનથી નહીં. હું એને ઝુંપડી કહી રહ્યો છું. પરંતુ વાસ્તવમાં એ ઘર છે. ઘર અને આવાસમાં અંતર હોય છે. જ્યાં માણસ પોતાનાં બિસ્તરાપોટલાં અને ફર્નીચર વગેરે રાખે છે, તે આવાસ કહેવાય છે. ત્યારે એની સુરક્ષા અને ફર્નીચર વગેરેનું ધ્યાન માણસ કરતાં વધારે રાખવું પડે છે. દિલ્હીમાં મને જ્યાં રાખવામાં આવ્યો હતો, તે આવાસ હતો, કારણ કે એમાં અનેક પ્રકારની સગવડો હતી. સિમેન્ટ અને લોખંડથી બનેલો આવાસ પેટી જેવો હોય છે. જેમાં ફર્નીચર અને અન્ય સામાન રહે છે. આ શાન મેળવવા માટે આપણે આખું જીવન ખર્ચી નાખીએ છીએ. તોપણ એનાથી આપણને આંતરિક તાકાત મળતી નથી. કહેવાનો અર્થ એ છે કે આ સામાન વ્યક્તિને અપંગ બનાવી દે છે. એટલે કે જેટલી વધારે સગવડો એટલી નિર્ભરતા વધે છે. ત્યારે આપણું જીવન બંધિયાર અને સીમિત થઇ જાય છે. જ્યારે હું ગાંધીજીની ઝૂંપડીમાં મૂકેલા ફર્નીચરને જોઉં છું, ત્યારે એની પર નિર્ભર રહેવું પડતું હોય એમ લાગતું નથી. બધા પ્રકારની સગવડોથી ભરપૂર આવાસથી એ નક્કી થઇ જાય છે કે આપણે દુર્બળ બની ગયા છીએ. આપણામાં જીવનશક્તિનો હ્રાસ જેટલો થાય છે, એટલા જ આપણે વસાવેલા સામાન પર નિર્ભર બનતા જઇએ છીએ. જનસમુદાયના આરોગ્ય માટે. હૉસ્પિટલ પર નિર્ભર રહીએ છીએ કે બાળકોના શિક્ષણ માટે સ્કૂલોનો આશ્રય લઇએ છીએ. હૉસ્પિટલ અને સ્કૂલ દેશના લોકોનું આરોગ્ય અને શિક્ષણનું પ્રતિબિંબ બને એ સૌભાગ્ય સૂચક નથી. વાસ્તવિકતા તો એ છે કે મોટી સંખ્યામાં હૉસ્પિટલો હોવી, એ લોકોની રોગિષ્ઠ દશા દર્શાવે છે. અને વધારે સ્કૂલોથી અજ્ઞાનની ઝલક મળે છે. ઠીક એ રીતે જીવનમાં સગવડોના બાહુલ્યથી માનવીય જીવનમાં સૃજન ક્ષમતાની ઊણપ દેખાય છે.

વધારેમાં વધારે સગવડોથી યુક્ત લોકોને ઉચ્ચ કોટિમાં ગણવામાં આવે છે એ દુર્ભાગ્યની વાત છે. જેમાં રોગને વધારે મહત્ત્વ આપવામાં આવે અને કૃત્રિમ પગવાળા લોકોને ઊંચા માનવામાં આવે એવા સમાજને નીતિવિહીન નહીં માનવામાં આવે? ગાંધીજીની આ ઝૂંપડીમાં બેસીને આ પ્રકારની વિકૃત વિચારધારા વિષે વિચારીને હું દુઃખી થઇ ગયો છું. હું એ નિર્ણય પર પહોંચ્યો છું કે ઔદ્યોગિક સભ્યતાને માનવ વિકાસ માટે પ્રશસ્ત માર્ગ માનવો બિલકુલ ખોટું છે. આર્થિક ઉન્નતિ માટે ઉત્પાદન વધારનારા મોટા મોટા મશીનો અને વધારે એન્જિનિયરો, ડૉક્ટરો અને પ્રોફેસરોની આવશ્યકતા નથી એ સિદ્ધ થઇ ચૂક્યું છે. મને પાકો વિશ્વાસ થઇ ગયો છે કે આવા લોકો દિલ અને દિમાગથી દુર્બળ હોય છે. એમની જીવનશૈલી એવી હોય છે કે તેઓ ગાંધીજીની આ ઝૂંપડીથી મોટી વિશાળ જગામાં રહેવાનું પસંદ કરે છે. મને એમના પર દયા આવે છે. એમણે પોતાની આ રહેણીકરણીથી પોતાને સંપૂર્ણ પરાશ્રિત કરીને જડ મકાન માટે સ્વયંને પણ જડવત્ બનાવી દે છે. જીવનક્રમમાં એમના શરીરનું લચીલાપણું અને જીવન શક્તિ નષ્ટ થઇ જાય છે, એમનો કુદરત સાથેનો સંબંધ તૂટી જાય છે અને સાથેના લોકોથી અંતર વધી જાય છે.

આજના યોજનાકારોને હું કહું છું કે ગાંધીજીની સાદી-સીધી, સરળ વિચારધારાને કેમ ગ્રહણ નથી કરતા? એમનો ઉત્તર હોય છે કે ગાંધીજીનો માર્ગ બહુ જ કઠણ છે અને સામાન્ય લોકો એને અપનાવવા માટે અસમર્થ છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ગાંધીજીના સિદ્ધાંતમાં કોઇ પણ વચેટિયાને સ્થાન નથી. કેન્દ્રીયકૃત પ્રણાલીને એ સહન નથી કરતા. સત્ય અને અહિંસાનો સીધો સાદો નિયમ પણ સમજમાં નથી આવતો એ કેવી વાત છે? લોકો પોતાના લક્ષને પામવા માટે અસત્ય અને હિંસાને સાચી માને છે એ તર્ક શું સાચો છે? એવું નથી. સામાન્ય માણસ સારી રીતે સમજે છે કે સાચા સાધનોથી જ સાચું લક્ષ મેળવી શકાય છે. એ તો કેટલાક સ્વાર્થી લોકો છે, જેઓ આ દર્શનને સમજવા માટે મોં ફેરવી લે છે. ધનવાન લોકો ક્યારેય પણ આ સમજવાના નથી.

જ્યારે હું ધનવાન લોકો કહું છું ત્યારે તેનું તાત્પર્ય એ છે કે એ લોકોએ એવી જીવનની બધી સગવડો મેળવી લીધી છે, જે સામાન્ય માણસ માટે ઉપલબ્ધ નથી. એમની રહેણી-કરણી, ખાણી-પીણી, હરવું-ફરવું અને ઉપભોગની પદ્ધતિ એવી છે કે તેઓ સત્યને ઓળખવાની ક્ષમતા ખોઇ ચૂક્યા છે એમને માટે ગાંધીજી એક કોયડો બની ગયા છે. એવા લોકો માટે સાદાઇનો કોઇ અર્થ નથી. એમની હાલત એમને સત્યનો સાક્ષાત્કાર કરતાં રોકે છે. એમનું જીવન ગૂંચવાડાથી એવી રીતે ભરેલું છે કે તેઓ પોતે જ પોતે રચેલી જાળમાંથી બહાર નથી નીકળી શકતા.સારુલક્ષણ એ છે કે મોટા ભાગની જનતા પાસે એટલું ધન નથી કે તેઓ સાદાઇના સત્યથી અસ્પૃશ્ય રહી શકે. સાથે સાથે તેઓ એટલા સાધન વગરના દરિદ્ર પણ નથી કે આ દર્શનને સમજી ન શકે. સત્યના સિદ્ધાંતને નકારનારા દરેક ધનવાન માણસે રાષ્ટ્રના આત્મા સાથેનો સંબંધ તોડી નાંખ્યો છે. એ બિલકુલ સ્પષ્ટ છે કે આત્મનિર્ભર સમાજમાં જ મનુષ્યની ગરિમા જળવાઇ રહે છે અને જ્યારે આ સમાજ ઉત્તરોત્તર ઔદ્યોગિકરણ તરફ આગળ વધે છે, ત્યારે માનવીય ગરિમાને ઠેસ પહોંચે છે. આ ઝૂંપડીનો સંદેશ છે કે વ્યકિત અને સમાજ સાથે સાથે ચાલે છે ત્યાં આનંદ રહે છે. એટલા માટે આત્મનિર્ભરતા એક કૂંચી છે. આપણે સારી રીતે સમજવું જોઇએ કે બિનજરૂરી વસ્તુઓથી મનુષ્યની શક્તિ ઘટે છે કે એનાથી સુખની વૃદ્ધિ થાય છે? આ વિષે ગાંધીજીએ વારંવાર કહ્યું હતું કે આવશ્યકતા મુજબ જ ઉત્પાદન કરવું જોઇએ.આજે તો હદથી વધારે ઉત્પાદન થાય છે અને નિરંકુશ વધતું જાય છે. આજ સુધી આપણે આ બધું સહેતા આવ્યા છીએ. પરંતુ હવે એ સમય આવી ગયો છે, માણસ સારી રીતે સમજી ગયો છે કે મશીનો પર વધુને વધુ નિર્ભર રહેવું એટલે આત્મહત્યા તરફ જવું એ છે. સભ્ય કહેવાતા ચીન અને અમેરિકા જેવા દેશોએ સમજી ગયા છે કે ઉન્નતિનો આ રસ્તો સાચો નથી. મનુષ્યોને એ લાગવું જોઇએ કે દરેક માણસ અને આખા સમાજની ભલાઇ માટે તેણે આવશ્યક વસ્તુઓ જ રાખવી એ પૂરતું છે. આપણે એવા પગલાં ભરવા પડશે, જેથી આ વિચારને પૂરેપૂરી સ્વીકૃતિ મળે અને આજની દુનિયાના મૂલ્યોમાં પરિવર્તન આવે. આ પરિવર્તન સરકારી દબાણ કે કેન્દ્રિયકૃત સંસ્થાઓના માધ્યમથી ન આવવું જોઇએ. એના માટે પ્રબળ જનમત બનાવવાની જરૂર છે જેથી જેના દ્વારા મૂળભૂત સમાજની રચના થાય છે એ લોકોની સમજમાં આવી શકે. એ માટે પ્રબળ જનમત ઊભો કરવાની જરૂર છે. આજે કાર ચલાવનારો માણસ સાઇકલ ચલાવનારા માણસ કરતાં પોતાને મોટો માને છે. પરંતુ સામાન્ય માપદંડની દૃષ્ટિએ જોઇએ તો સામાન્ય જનતાનું વાહન સાઇકલ જ છે. એટલા માટે સાઇકલને મહત્ત્વ આપવું જોઇએ અને સડકોની યોજના એ રીતે બનાવવી જોઇએ કે પૂરી પરિવહન વ્યવસ્થા સાયકલના આધારે ઊભી થઇ શકે. કારને બીજું સ્થાન આપવું જોઇએ. પરંતુ સ્થિતિ બિલકુલ ઊલટી છે. બધી સડક યોજનાઓ મુખ્યત્વે કારને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે અને સાયકલને ગૌણ સ્થાને રાખવામાં આવી રહી છે. આ રીતે સામાન્ય માણસની આવશ્યકતાઓને ઉચ્ચ વર્ગની આવશ્યકતાઓ સામે મહત્ત્વહીન માનવામાં આવી રહી છે. ગાંધીજીની ઝુંપડીએ પ્રદર્શિત કરે છે કે સામાન્ય માણસનું મહત્ત્વ કેવી રીતે સમજી શકાય. આ સુખદ સંકેત છે કે આપણે સાદગીના સિદ્ધાંતને અપનાવીને સેવા અને સત્યનિષ્ઠા સરળતાથી મેળવી શકીશું. આશા છે 'દ્વિતીય વિશ્વ નિર્ધન સમાજ માટે ટેકનીક' પર આધારિત ગોષ્ઠિમાં આ સંદેશ પર આપ વિચાર કરશો.

(સપ્રેસ)

નવનીતમાંથી સાભાર

# દેશભરમાં વિરોધવંટોળ વચ્ચે સંજય લીલા ભણસાલીની ફિલ્મ પદ્માવત રીલીઝ થઇ

દેશભરમાં ભારે વિરોધની વચ્ચે સંજય લીલા ભણસાલીની બહુ ચર્ચિત ફિલ્મ પદ્માવત રીલીઝ કરવામાં આવી હતી.હિંસાને પગલે રાજસ્થાન,મધ્ય પ્રદેશ, હરિયાણા અને ગુજરાતમાં ફિલ્મને રીલીઝ નહીં કરવાનો નિર્ણય લેવાયો હતો.આ ચારેય રાજ્યોમાં કરણી સેનાએ અને અન્ય લોકોએ ફિલ્મનો વિરોધ ચાલુ રાખ્યો હતો.કેટલાક થિયેટરોમાં પોલીસ બંદોબસ્ત સાથે ફિલ્મ રીલીઝ કરાઇ હતી.તો કેટલાક શહેરોમાં મલ્ટિપ્લેક્સ થિયેટરોમા માલિકો અને સિનેમાધરોના માલિકોએ તોડફોડની બીકના કારણે ફિલ્મ રીલીઝ કરી નહોતી. કરણી સેનાના કાર્યકરોએ અનેક જગ્યાએ વાહનો રોકીને ચક્કાજામની સ્થિતિ ઉભી કરી હતી.

પદ્માવત ફિલ્મનો વિરોધ કરી રહેલા એક ટોળાએ ગુડગાંવમાં જીડી ગોએન્કા સ્કુલની બસ પર પથ્થરમારો કરીને રીતસરનો આતંક મચાવ્યો હતો. આ ઘટના સોશ્યલ મીડીયામાં વાયરલ થઇ હતી અને તેનો ભારે વિરોધ જોવા મળ્યો હતો.જ્યારે કરણી સેનાના વડા લોકેન્દ્ર સિહે હિસા બાબતે પોતાના હાથ ખંખેરી નાંખ્યા હતા.તેમણે કહ્યુ હતું કે આ તમામ બાબતો માટે ભણસાલી જ જવાબદાર છે.તેમની ભુલોને કારણે આ બધી બાબતો બની છે.અમે રાણી પદ્માવતીનું ગૌરવ હણાય તેનો વિરોધ કરતાં રહીશું.ફિલ્મ પર પ્રતિબંધ મુકવાનો અમારી માંગણી ચાલુ જ છે.

જો કે ફિલ્મ રીલીઝ થયા બાદ પ્રક્ષકોનો અભિપ્રાય સારો રહ્યો હતો. તેમને આ ફિલ્મમાં કોઇ અજુગતી બાબત દેખાઇ નહોતી.રાજસ્થાનની કરણી સેનાએ ફિલ્મ રીલીઝ નહી કરવા માટે પડકાર ફેક્યો હતો.અને કહ્યુહતું કે હિંસાની જવાબદારી અમારી રહેશે નહીં.જો કે પોલીસે કરણીસેનાના કેટલાક કાર્યકરોની ધરપકડ કરી હતી.અમદાવાદ બનેલા બનાવોમાં કેટલીક તોડફોડ માટે કરણીસેનાના કાર્યકરોની જવાબદારી માટે અટકાયત કરવામાં આવી હતી.રાજસ્થાન,મધ્યપ્રદેશ હરિયાણા અને ગુજરાતમાં તે રીલીઝ થઇ નહોતી.જો કે થિયેટર માલિકોએ તેમને નુકશાન ના થાય માટે ફિલ્મ જ રીલીઝ કરી નહોતી.પરંતુ પહેલા જ દિવસે બોક્સઓફિસ પર ફિલ્મનું કલેકશન ૭૫ કરોડને પાર કરી ગયું હતુ.આમ વિરોધ વચ્ચે ફસાયેલી ફિલ્મને સારો આવકાર પણ મળ્યો હતો.

# નુતન વર્ષે નવલું કરીએ

નવું નવ દિવસ કહેવત લોકોમાં જાણીતી છે.નવા-નવા લગ્નગ્રંથીથી જોડાયેલા નવ યુગલોનેઆ કહેવત લોકો કટાક્ષમાં ભેટ આપતાં હોય છે.બંન્ને દંપતી વચ્ચે પ્રેમ ઉભરાઇ અને સોના જેવી જિંદગી પસાર થઇ રહી હોય ત્યારે લોકો તેઓને કહેતા હોય છે કે નવું નવું નવ દિવસ. હજું માંડ સંસારમાં નવ પગલાં થયા છે. અને એક પગથિયું ચડ્યા હોય છે. હજું અનેક પગથિયાં ચઢવાનાં બાકી છે. નવ દંપતી જીવે છે ,જીવવા દો અને સંસારિક જીવન અનુભવવા દો. માનવીને પોતાની જીંદગીમાં નજર કરતાં અન્ય માનવીની જીંદગીમાં રસરંગ વધારે જાગે છે.દુનિયામાં દંપતીઓ જીવતા હોય છે અને ઘડપણમાં ૫ ણ નવું જીવન જીવતા હોય છે. આજનો યુવાન ફેસબુક અને વોટ્સઅપ જેવા સોશિયલ મીડીયામાં ચોવીસ કલાક સંકળાયેલો રહેતો હોય છે.અને ફેસબુકમાં નવા નવા સ્ટેટસ લખીને રોજે રોજ નવો થતા હોય છે.

એક છાત્રાલયના ગૃહપતિના પ્રયાસથી બાળકોને વૃક્ષો ઉછેરવાનું કામકાજ સોપવામાં આવ્યું. અને તેમના જ હાથે જ વૃક્ષારોપણ થયું. બાળકોને ગૃહપતિએ એક સુચન કર્યુ હતું કે જે બાળક વૃક્ષને નવું જીવન આપશે અને મોટું કરશે તો નવા વરસે સરસ મઝાનું ઈનામ આપવામાં આવશે.બાળકો હોંશે હોંશે વૃક્ષોનુ ઉછેર કરવા લાગ્યા. મળસકે વહેલા ઉઠી સહુ કુમળા છોડમાં પાણી સીચવા લાગ્યા. જેમ મા બાળકને લોડકોડથી ઉછેરે તેમ આળસ રાખ્યા વગર બાળકો વૃક્ષના નાના છોડને પાણીનું સિચન કરતા.બાળકો દરરોજ સિંચન કરીને વૃક્ષોમાં નવો પ્રાણ પુરતા. સમય વહેતો ગયો અને બધા જ વૃક્ષો જીવી ગયા. નવા વર્ષના દિને પહેલો નંબર કોને આપવો ? ઈનામો સર્વે બાળકોને મળ્યા.બાળકો આનંદિત થઇ ગયા. આમ બાળકોએ નવા વર્ષની ઉજવણી અનોખી રીતે કરી. આજે વૃક્ષારોપણ દિને ભારે ધુમધામ સાથે વૃક્ષારોપણની ઉજવણી થતી હોય છે.પણ બીજા વર્ષે વૃક્ષારોપણ દિન આવે ત્યાં સુધી વૃક્ષોનું મોત થઈ જતું હોય છે.

નવા વર્ષથી સંકલ્પો રાખવાની ઘણાને ટેવ હોય છે. જીવનમાં કુટેવો ઘેરી વળી છે તેનાથી દુર રહેવું પણ તે સંકલ્પો ઝાઝી ટકતી નથી. નવા નવા થવા માટે ખુબ પ્રયત્નો થતા હોય છે. પણ બીજા દિવસે જુના થઇ જવાય છે. જુની આદતો છોડી શકતા નથી. અને નવા મુલ્યોને આપણા જીવનમાં સ્થાન આપી શકતા નથી. નવા વર્ષના દિવસે નવા નવા ફેન્સી પોશાકો ધારણ કરીને નવા વર્ષની સોનેરી સલામ,હેપ્પી ન્યુ યર અને નુતન વર્ષાભિનંદન કહીને નવા વર્ષની ઉજવણી કરવામાં આવે છે. બાહ્ય પોશાકથી માનવી નવો થાય છે.પણ ભીતરથી નુતન ક્યારે થશે ? પહેલાં ઘર કહેવાતા આજે બંગલો કહીએ છીએ. તે બંગલો રંગાઇ જતો હોય છે.સાફ-સુફ કરીને નવું કરવામાં આવે છે.ઘરની સર્વ વસ્તુઓ યથાયોગ્ય સ્થાને મુકવામાં આવે છે. બંગલો પુરેપુરો સુશોભિત થઇ જતો હોય છે.સર્વ કાર્ય કરીને આનંદનો અનુભવ થતો હોય છે.માનવી નવું કરવામાં કાંઇ કચાશ રાખતો નથી.પણ તેની સાથે સાથે અભિમાન,સ્વાર્થ,ક્રોધ, વેરઝેર વિગેરેના અવગુણોને નષ્ટ કરવું પણ જરુરી છે.સર્વ અવગુણોચયનો ત્યાગ કરવાથી હૃદયમાં શાતા વળતી હોય છે.જીવનમાં આમ નવું થાય ત્યારે હૃદયમાં ખરી આતશબાજી થઇ કહેવાય.

આદિવાસી વિસ્તારમાં દિવાળી અગાઉ કાચા ઘરમાં અને કાચી દિવાલ પર માટીથી લીપે છે.ઘરને નવું કરે છે અને દીપ પ્રગટાવે છે.તેમજ ઘરના આંગણાંમાં રંગોળી પુરે છે. ઘર સાથે પાળેલા પ્રાણીઓને નવડાવીને નવા કરે છે.બળદો,ગાયો,ભેંસો,બકરીઓ વિગેરે પ્રાણીઓના શિંગડાઓને રંગવામાં આવે છે. ખેતરનો નવો પાક ખળામાંથી ઘરે લાવે છે.ઈષ્ટ દેવનો આભાર માને છે.આમ આદિવાસી લોકો વરસાદ વરસ્યા પછી ધરતી નવી થાય છે તેમ આદિવાસીઓ પણ રીત રિવાજ મુજબ નવા થતા હોય છે. ફક્ત હાય હલ્લો કરીને નવા વર્ષનો દિન ઉજવવા કરતાં જીવનમાં નવા કાર્યો કરીને નવા વર્ષને વધાવવું જોઈએ.નવા વર્ષના દિને નિર્ધન લોકોના દ્વારે પહોચીને તેમનીજીવન જરુરીયાત વસ્તુઓ આપવી જોઈએ. આમ નવતર નવા વર્ષની ઉજવણી કરવાથી ગરીબ લોકો પણ નવા થાય અને આપણે પણ નવા થઈએ.

ઉકરડાને સ્થાને નવો ઉદ્યાન થઇ શકે છે.વરસાદના સમયે નદી નવી થાય છે.વનમાં મેહુલીયો વરસે ત્યારે વૃક્ષોના પર્ણો નવા થતા હોય છે. વનસ્પતિ-વનસ્પતિઓ વચ્ચે ફુટી નીકળવાની જાણે હરીફાઈ જામતી હોય તેમ લાગે છે. પાનખર વીત્યા પછી વૃક્ષોનું નવા વર્ષની શરુઆત થતી હોય તેમ લાગે. માનવીએ પણ પ્રકૃતિ જેમ નવી થાય તેમ નવું થવું જોઈએ. ઘર અને પોશાકની ઉજવણી થાય છે તેની સાથે સાથે વિમલ હૃદયની ઉજવણી પણ થાય તે જરુરી છે. નુતન વર્ષાભિનંદન પાઠવીને આપણે આપણું ભીતર નુતન કરીએ,સંકલ્પો તુટે નહીં તેવા સંકલ્પો વરસો વરસ ટકી રહેવા જોઈએ.નવું જીવન,સંસ્કારો,સ્વભાવ જાળવી રાખીએ અને જીવન નવું રાખીએ.

મથુર વસાવા, ઉના


## કાર ભાડે મળશે



**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**



**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**

**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**




# એન્વાર્યનમેન્ટલ પર્ફોમન્સ ઇન્ડેક્સમાં પણ ભારત ૧૮૦માંથી છેક ૧૭૭માં ક્રમેઃ વર્લ્ડ ઇકોનીક્સ ફોરમમાં જારી કરાયેલો અહેવાલ

એન્વાર્યનમેન્ટલ પર્ફોમન્સ ઇન્ડેક્સ ૨૦૧૮માં ભારતનો સમાવેશ સૌથી નબળી કામગીરી કરનારા પાંચ દેશોમાં થાય છે.એમ વર્લ્ડ ઇકોનોમિક ફોરમના સહયોગમાં યેલ અને કોલંબિયા યુની.એ તૈયાર કરેલા દ્વિવાર્ષિક અહેવાલમાં જણાવાયું છે.૧૮૦ દેશોની એન્વાર્યમેન્ટલ હેલ્થ કેટેગરીમાં ભારત સૌથી નીચા ક્રમે છે.જ્યારે એર ક્વોલીટીના સંદર્ભમાં ૧૭૮માં ક્રમે છે. એન્વાર્યમેન્ટલ હેલ્થ પોલીસી અને એર પોલ્યુશન કેટેગરીમાં નબળા દેખાવને કારણે ભારતને ૧૭૭મોક્રમ મળ્યો છે.દાવોસમાં હાલમાં ચાલી રહેલા વર્લ્ડ ઇકોનોમિક ફોરમમાં આ અહેવાલ જારી કરવામાં આવ્યો હતો.ભારતમાં છેલ્લા દાયકામાં અલ્ટ્રા ફાઈન પ્રદુષકોને કારણે મૃત્યુ થયા છે. અને આવા પ્રદુષકોનું વાર્ષિક પ્રમાણ ૧,૬૪,૦૧૧૩ હોવાનો અંદાજ છે.ઈપીઆઈમાં પ્રથમ ક્રમે સ્વિઝર્લેન્ડ છે. એ પછી ફ્રાંસ,ડેન્માર્ક,માલ્ટા, અને સ્વીડનો નંબર આવે છે.યાદીમાં તળિયાના પાંચ દેશોમાં ભારત ઉપરાંત બાંગલાદેશ,બરુંડી, ડેમોક્રેટીક રિપબ્લીક ઓફ કોંગો અને નેપાળનો ક્રમ આવે છે. અહેવાલમાં જણાવ્યા પ્રમાણે સરકારે પગલાં લેવા છતાં નક્કર ઇંધણ,કોલસો, નકામા પાકને બાળવો અને મોટર વાહનોના પ્રદુષણને કારણે ભારતમાં એર ક્વોલીટીમાં ઘટાડો થયો છે.ભારતમાં પર્યાવરણ મંત્રાલયે જોકે આ અહેવાલ અંગે કોઈ ટિપ્પણી કરી નથી.

સંશોધકોએ જણાવ્યુ હતું કે ઉભરતા દેશોમાં વસતીનું દબાણ અને ઝડપી આર્થિક વૃધ્ધિએ પર્યાવરણનો ભોગ લીધો છે.ભારતની જેમ ચીનનો દેખાવ પણ નબળો છે.સૌથી વધુ વસતી ધરાવતા ચીનનો ક્રમ ૧૨૦મો છે.૧૦માં ઈપીઆઇ અહેવાલમાં ૧૦ કેટેગરીમાં ૨૪ માપદંડો પરથી ૧૮૦ દેશોના રેન્કીંગ આપવામાં આવ્યા હતા.

## જાણવા જેવું !

ઓસ્ટ્રેલીયામાં આવેલો આર્યસ ખડક દરરોજ રંગ બદલે છે.

વિશ્વની પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચ ૧૮૭૬-૭૭માં ઓસ્ટ્રેલીયા અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ હતી. આ પ્રથમ ટેસ્ટ મેચમાં ઓસ્ટ્રેલીયન ખેલાડી સી.બેનરમેને ઈંગ્લેન્ડ સામે ૧૬૫ રન કર્યા હતા.અને તે પણ નોટઆઉટ રહીને.

ઓરગાનોમાં આવેલા પોર્ટલેન્ડ શહેરનું નામ ૧૮૪૪માં સિક્કો ઉછાળીને નક્કી કરવામાં આવ્યું હતું.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬



## ગ્લોરી કેટરીંગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

*ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ*

સંપર્કઃ

**એ.એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.